### પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વડાગામ અને વરધરીના હેલ્થ એન્ડ વેલનેસ કેન્દ્ર ખેમપુર ખાતે

# પોષણ માહ ઉજવણી અંતર્ગત મહિલાઓને આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવ્યું



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, રાજય સરકાર સુપોષિત ગુજરાતના ધ્યેયને વરેલી છે અને મહિલા અને બાળ વિકાસ વિભાગના માધ્યમથી માતા અને બાળકોના સુપોષણ માટેની વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે.

પૂરક પોષણનો લાભ આપવાની સાથે છે. સગર્ભાવસ્થાથી તંદુરસ્ત બાળકનો જન્મ થાય તે માટે લેવાની થતી કાળજી અને તકેદારીનું માર્ગદર્શન પણ આપવામાં આવી રહ્યું છે.

મહીસાગર જિલ્લામાં જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લામાં પોષણ માહની ઉજવણી કરવામાં આવી રહી છે.

તદ્અનુસાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, વડાગામના વડાગામ આ.કે.-૨ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વરધરીના હેલ્થ એન્ડ વેલનેસ કેન્દ્ર ખેમપુર ખાતેની આંગણવાડી ખાતે પોષણ માહની ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉજવણી અંતર્ગત કેન્દ્રોના સીએચઓ અને ફીમેલ હેલ્થ વર્કર બહેનોએ મહિલાઓને સમતોલ આહાર અને પૂરતો આરામ મળે તે જરૂરી હોવાનું સમજાવી. મહિલાઓને લોહતત્વ/આયર્ન અને કેલ્શિયમની ગોળીઓનું નિયમિત સેવન કરવા તેમજ બાળકના જન્મ થી ૬ માસ સુધી (૧૮૦) દિવસ દરમિયાનમાં પહેલાં તો જન્મના પહેલા એક કલાકમાં અને ૬ મહિના સુધી બાળકને માતાના ધાવણ સિવાય કશું જ આપવું ના જોઈએ જેવી અને બાળકની દેખભાળ રાખવાના પગલા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ.

પૌષ્ટીક આહાર, એનિમિયાની તેમજ બાળકના જન્મ પછી પ્રથમ ૬ માસ દરમિયાન સ્તનપાનનું મહત્વ, ૬ માસ પછી પૂરક આહાર, ૧,૦૦૦ દિવસ દરમિયાન બાળકની યોગ્ય કાળજી કેવી રીતે લેવી એનું પ્રશિક્ષણ, કિશોરીઓમાં પોષણનું મહત્વ વગેરે વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

પોષણ માહની ઉજવણી અંતર્ગત ખેમપુરની આંગણવાડી ખાતે પૌષ્ટિક આહાર આપતા કઠોળ અને લીલા શાકભાજીનું જયારે વડાગામ ખાતે રંગોલીનું નિદર્શન કરી આરોગ્ય અને પૌષ્ટિક આહારલક્ષી શિક્ષણ આપવામાં આવ્યું હતું.

# મહીસાગર જિલ્લામાં આજે ૦૯ પોઝિટિવ કેસ નોંધાયા : કુલ ૮૯૫ કેસ નોંધાયા



લુણાવાડા, સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૨ પુરૂષ જયારે વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૮-૦૯-૨૦૨૦ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૮૯૫ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ સ્ત્રી, ખાનપુર તાલુકાના ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૫ સ્ત્રી અને ૦૫ પરૂષ જયારે સંતરામપુર તાલુકાના ૦૨ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૫૮ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૦ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૩૮ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૪૨૨૯૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૪ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૮ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૧૧ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૩૨ દર્દી હોમ આઈસોલેશન, ૦૧ સીવીલ હો.અમદાવાદ, ૦૪ પ્રાઈવેટ હોસ્પિટલ અમદાવાદ, ૧૦ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૧૩ દર્દી SDH સંતરામપુર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૯૩ દર્દીઓ સ્ટેબલ અને ૦૫ દર્દીઓ ઓક્સિજન પર એ ૦૧ વેન્ટીલેટર પર છે.

## મહિસાગર જિલ્લાની સરકારી કચેરીઓની બહાર ૨૦૦ મીટરની ત્રિજયામાં ધરણા, પ્રતિક ધરણા જેવા કૃત્યો કરવા પર પ્રતિબંધ

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી માણસો એકઠાં ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતાં નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મહીસાગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર. આર. ઠકકરે જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લાના લુણાવાડા, ખાનપુર, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર તથા કડાણા તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત/ ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યકિતએ/વ્યકિતઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ચાર કે તેથી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભૂખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે તા. ૩૦/૦૯/૨૦૨૦ સુધી મનાઈ ફરમાવી છે.

આ જાહેરનામું જેઓ ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતઓ, ગૃહરક્ષક દળની વ્યકિતઓ કે જેઓને સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકે પરવાનગી આપવામાં આવી હોય તેઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર ઠરશે. જયારે હુકમનો ભંગ કરનાર સામે ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર દરજાથી ઉતરતા ન હોય તેવા અધિકારીને ફરિયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

## કોવિડ-૧૯ની મહામારીના કારણે રાજયની ITI ના તાલીમાર્થીઓની પ્રત્યક્ષ તાલીમ તા.૨૧ સપ્ટેમ્બરથી શરૂ ન કરવા આદેશ

લુણાવાડા, કોવિડ-૧૯ની મહામારીના કારણે રાજયની તમામ સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ કે સ્વનિર્ભર આઈ.ટી.આઈ.ના તાલીમાર્થીઓની પ્રત્યક્ષ તાલીમ તા.૨૧ સપ્ટેમ્બરથી શરૂ ન કરવા રોજગાર અને તાલીમ વિભાગ દ્વારા જરૂરી આદેશ આપી દેવામાં આવ્યા છે. ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટમાં તા.૨૧/૦૯/૨૦૨૦ થી તાલીમી કાર્ય શરૂ કરી શકાશે તેવી કેન્દ્ર સરકારની જાહેર થયેલી માર્ગદર્શિકા અનુસંધાને હાલની પરિસ્થિતીને ધ્યાને લઈ ગુજરાતની આઈ.ટી.આઈ.માં પ્રત્યક્ષ તાલીમ શરૂ ન કરવા નિર્ણય લેવાયો હોવાનું રોજગાર અને તાલીમ ખાતાની યાદીમાં જણાવાયું છે.

રોજગાર અને તાલીમ ખાતાના નિયંત્રણ હેઠળની રાજયની તમામ સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના તાલીમાર્થીઓની મીનીસ્ટ્રી ઓફ સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રિન્યોરશીપ, નવી દિલ્હી દ્વારા તા. ૦૭/૦૯/૨૦૨૦ના રોજ જાહેર કરાયેલી માર્ગદર્શિકા અનુસાર ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટમાં તાલીમી કાર્ય તા. ૨૧/૦૯/૨૦૨૦ થી શરૂ કરી શકાશે તેમ સૂચવ્યુ હતું.

રાજયમાં હાલ ચાલી રહેલી કોરોના વાયરસ(કોવિડ-૧૯)ની મહામારીના કારણે તા.૨૧/૦૯/૨૦૨૦થી તાલીમાર્થીઓને સંસ્થા ખાતે રૂબરૂ બોલાવી તાલીમ આપવાનું કાર્ય બીજી સુચના ન મળે ત્યાં સુધી હાલ પુરતું બંધ રાખવા જણાવવામાં આવ્યુ છે. આ અંગેની તમામ સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ તથા સંબંધિત તાલીમાર્થીઓએ નોંધ લેવા રોજગાર અને તાલીમ ખાતાના નાયબ નિયામક દ્વારા જણાવાયુ છે.

# પંચમહાલ જિલ્લાના ૧૭ ખેડૂતોને બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડથી સન્માનિત કરાયા

ગોધરા, પંચમહાલ જિલ્લામાં આત્મનિર્ભર પેકેજ અંતર્ગત સાત પગલા ખેડુત કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત પ્રાકૃતિક કૃષિની બે યોજનાઓના લોન્ચિંગ પ્રસંગે ૧૭ પ્રગતિશીલ ખેડૂતોને બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જાંબુઘોડા ખાતે કાર્યક્રમના અધ્યક્ષ કાલોલના ધારાસભ્યસુ સુમનબેન ચૌહાણ અને ઈન્ચાર્જ કલેક્ટર એ.જે.શાહ તેમજ મોરવા હડફ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ રાજપાલસિંહ જાદવ અને ધારાસભ્ય સી.કે.રાઉલજી સહિતના મહાનુભાવોના હસ્તે જિલ્લાના બેસ્ટ ફાર્મિંગ પ્રેક્ટિસ કરનારા ખેડૂતોને ચેક, મોમેન્ટો, પ્રમાણપત્ર અને રેપ્લીકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લા કક્ષાનો એવોર્ડ કાલોલ તાલુકાના અડાદરા ગામના ઠાકોર લક્ષ્મીબેન પ્રવીણકુમારને એનાયત કરવામાં આવ્યો હતો. તેમને પ્રોત્સાહન રૂપે રૂ.૨૫,૦૦૦/-નો ચેક અદયક્ષના હસ્તે આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ઘોઘંબા તાલુકાના વાળીનાથ ગામના રાઠોડ અરવિંદભાઈ રામસિંહ, ફરોડ ગામના પરમાર કાળુભાઈ છત્રસિંહ, ગુણેશીયા ગામના પરમાર અર્જનસિંહ રામસિંહ, જોરાપુરા ગામના પટેલિયા સરલાબેન શંકરભાઈ, આમલીખેડા ગામના પરમાર સુરેશભાઈ પ્રભાતભાઈ, જાંબુઘોડા તાલુકાના નારૂકોટના બારિયા સુમિત્રાબેન ગણપતભાઈ અને પણીયારા ગામના બારિયા છોટાભાઈ રાયસિંગભાઈ, શહેરા તાલુકાના ધામણોદ ગામના બારિયા વિક્રમસિંહ ગોપાલભાઈ, અણિયાદ ગામના પટેલ પરેશભાઈ ભીખાભાઈ, કાલોલ તાલુકાના રીછિંયા ગામના સોલંકી મગનભાઈ અમરસિંહ, ગોધરા તાલુકાના પરવડી ગામના બારિયા હરેશભાઈ નટવરભાઈ અને મહેલોલની મુવાડી ગામના ચૌહાણ જિતેન્દ્રસિંહ શૈલેશભાઈ, મોરવા (હ)ના મેખ ગામના પગી ભારતસિંહ રૂપાભાઈ અને વીરણિયા ગામના ઘોડ અભેસિંહ સોમાભાઈ, નાગલોદ ગામના બારિયા સોમાભાઈ જેસિંગભાઈ તેમજ હાલોલ તાલુકાના અરાદ ગામના નિમેષભાઈ કનુભાઈ પટેલને તાલુકાકક્ષાના બેસ્ટ આત્મા ફાર્મર ખેડૂતના એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ તમામને પુરસ્કારરૂપે રૂ. ૧૦,૦૦૦/-ની રાશિ પણ આપવામાં આવી હતી. એવોર્ડ વિજેતા તમામ ખેડૂતોને આત્મા પ્રોજેકટ ડાયરેક્ટર એ.આઈ. પઠાન દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી તેમજ પોતાના પરીચિત ખેડૂતો સહિત ગ્રામજનોમાં પ્રગતિશીલ ખેતીની તરાહો વિશે તેમને પણ માહિતગાર કરવા આગ્રહ કર્યો હતો.

## ગરબાડામાં મોબાઈલ ટાવર કંપનીઓ શેષની રકમ ન ભરતા સીલ કરવાની તજવીજ હાથ ધરાઈ

ગરબાડા, ગરબાડા નગરમાં અલગ-અલગ કંપનીઓના ત્રણ ટાવર લગાવ્યા છે. જેમાં આઈડિયા સેલ્યુલર લિમિટેડ, રિલાયન્સ ઈન્ફોકોમ લિમીટિડ ટાવર અને ફેરલ લિમિટિડ મોબાઈલ ટાવર છેલ્લા દસ-બાર વર્ષથી લગાવવામાં આવ્યા છે.

આ કંપનીઓ દ્વારા ગ્રામ પંચાયતના ઘરવેરો, સફાઈવેરો, તાલુકા પંચાયતના શેષની નીકળતી રકમ છેલ્લા આઠ વર્ષથી ભરપાઈ કરી નથી. આ માટે અનેકવાર ગ્રામ પંચાયત દ્વારા આ મોબાઈલ ટાવર કંપનીઓને રકમ માટે નોટિસો આપી છે. છતાં આજદિન સુધી આ લેણી રકમ ન ભરતા આઈડિયા સેલ્યુલર રૂ.૧,૮૩,૦૦૦/-, રિલાયન્સ ઈન્ફોના રૂ.૧,૧૬,૫૦૦/-, અને ફેરલ લિમિટિડના રૂ.૨,૧૨,૩૦૦/-ની કુલ ૫,૧૧,૮૦૦/-રૂ.ની રકમ ન ભરતા ગ્રામ પંચાયત દ્વારા ઉપલી કક્ષાએ જાણ કરી ટાવર સીલ કરવાની તજવીજ હાથ ધરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## ધો.૧૦ની પૂરક પરીક્ષાના ઉમેદવારોના પ્રમાણપત્રોનું તા.૨૧મીના રોજ વિતરણ કરવામાં આવશે

લુણાવાડા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધો.૧૦ની માધ્યમિક પ્રમાણપત્ર પૂરક પરીક્ષા ઓગસ્ટ-૨૦૨૦માં જે વિદ્યાર્થીઓએ એક કે બે વિષયની પરીક્ષા આપી જેના પરિણામના ગુણપત્રકો અને પ્રમાણપત્રો તેમજ માર્ચ-૨૦૨૦ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોના પ્રમાણપત્રો જિલ્લા કક્ષાએ પહોંચાડવામાં આવ્યા છે.

તદ્અનુસાર જિલ્લા કક્ષાએ કોવિડ-૧૯ની પરિસ્થિતને દયાનમાં રાખીને શાળાઓને તાલુકાવાઈઝ/ એસવીએસ કક્ષાએ/કોર્પોરેશન વિસ્તારોમાં જિલ્લા કચેરી દ્વારા આગામી તા. ૨૧/૯/૨૦૨૦ના રોજ પરિણામ અને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવનાર છે જેની જાણ સંબંધિત જિલ્લા કચેરી દ્વારા કરવામાં આવશે.

પૂરક પરીક્ષાના પરિણામ બાદ જે વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી કરાવવા ઇચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓએ બોર્ડની વેબસાઇટ www.gseb.org પર મૂકવામાં આવેલી સૂચનાઓનો અભ્યાસ કરીને આપવામાં આવેલ પરિશિષ્ટમાં જરૂરી ફી સાથે દિન-૭(સાત)માં રજિસ્ટર પોસ્ટથી અરજી કરવાની રહેશે. કોવિડ-૧૯ની વર્તમાન પરિસ્થિતિના કારણે રૂબરૂ અરજી સ્વીકારવામાં નહીં આવે તેમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના સચિવ ડી. એસ. પટેલે એક યાદી દ્વારા જણાવ્યું છે.

## ગોધરાના થાણા ગર્જન ગામે આકાશી વિજળી પડતા બળદનું મોત

ગોધરા, ગોધરા તાલુકાના થાણા ગર્જન ગામે મોડી સાંજે કડાકા ધડાકા સાથે વરસાદ પડયો હતો. દરમ્યાન આકાશી વિજળી ઘર આંગણે બાંધેલ બળદ ઉપર પડતા બળદનું મોત થતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના થાણા ગર્જન ગામે ગઈકાલે મોડી સાંજે વિજળીના ચમકારા અને ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. દરમ્યાન ગામમાં રહેતા અમરસિંહ માનસિંહ પટેલના ઘર આંગણે બાંધેલ બળદ ઉપર આકાશી વિજળી પડતાં બળદનું મોત થયું હતું. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ નોંધાવા પામી.

## શહેરા તાલુકા પંચાયતના ૬૦ જેટલા કર્મચારીઓ કોવિડ ટેસ્ટ કરાયા

શહેરા, કોરોના ના કહેર વચ્ચે શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે કામ અર્થે ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકોની અવર-જવર રહેતી હોય છે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી સહિત ફરજ બજાવતા ૬૦થી વધુ કર્મચારીઓનો કોવિડ ૧૯ ના ટેસ્ટ કરવામા આવ્યુ હતુ.

શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા વિકાસ અધિકારી સહિત નો કર્મચારીનો સ્ટાફ કોરોના કહેર વચ્ચે પણ પોતાની નૈતિક ફરજ બજાવી રહયા છે. કચેરી ના સમય દરમિયાન કામ અર્થે અરજદારોની અવર-જવર અહી શરૂ રહેતી હોય છે.હાલમાં નગર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના કેસોની સંખ્યા સતત વધતી હોવાને લઈને આરોગ્ય વિભાગ દ્વારા તાલુકા પંચાયત કચેરી ખાતે ફરજ બજાવતા ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી અંસુમન રાવલ તેમજ એ ટીડીઓ કિરણ સોલંકી સહિત વિવિધ વિભાગના ૬૦થી વધુ કર્મચારીઓનો કોવીડ ૧૯ રેપીડ થકી રિપોર્ટ કરાયો હતો. આ તાલુકા મથક ખાતે આવેલ અન્ય કચેરીમાં ફરજ બજાવતાઅધિકારીઓ સહિતના સ્ટાફ નો પણ કોવીડ ૧૯ ટેસ્ટ કરવામાં આવી રહયા છે.

## ગોધરા કુબા મસ્જીદ પાસે ખુલ્લામાં વરલી મટકાનો જુગાર રમાડતા ઈસમને પોલીસે ઝડપ્યો

ગોધરા, ગોધરા ખાતે આવેલ કુબા મસ્જીદ પાસે ખુલ્લામાં વરલી મટકાનો જુગાર રમાડતા હોય તે સ્થળે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન એક વ્યકિતને ઝડપી પાડયો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા ખાતે આવેલ કુબા મસ્જીદ પાસે ખુલ્લામાં વરલી મટકાનો ફરક આંકનો જુગાર રમાડી રહયા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન મોહમદ રહિમ અબ્દુલ સત્તાર મિસ્ત્રીને ૬૧૦/-રૂપીયા તેમજ આંકડા લખેલ બુક સાથે ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

: શ્રધ્ધાંજલિ :

એ નિખાલસતા, એ આત્મીયતા, એ હસતો ચહેરો, આજે પણ અમારા સૌના હદયમાં તમારી યાદો હજી જળવાઈ રહી છે.



સ્વ. ગોવિંદભાઈ ચીમનભાઈ રાઠોડ, ગોકળપુરા, તા. કાલોલ.

તમારી પ્રેમાળ પ્રકૃતિ અમર છે, સ્વર્ગ સુખમાં સહેલતા તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી.
નિલેશ એન.શાહ
શાંતિલાલ આર.રાઠોડ ના
સહ પરિવાર, કાલોલ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૧૯-૯-૨૦૨૦, શનિવાર, અધિક આસો સુદ-૨
સૂર્યોદય-૬-૩૪, સૂર્યાસ્ત-૬-૪૬, જૈન નવકારશી-૭-૨૪,
આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ ચિત્રા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત-૧૨-૧૬ થી ૧૩-૦૫ સુધી, ૮-૦૭ થી શુભ-૯-૩૮ સુધી, ૧૨-૪૦થી ચલ-લાભ-અમૃત-૧૭-૧૪ સુધી, ૧૮-૪૫ થી લાભ-૨૦-૧૪ સુધી, ૨૧-૪૩ થી શુભ-અમૃત-ચલ-૨૬-૦૯ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૩૭થી ૮-૩૭ સુધી, ૧૦-૩૯થી ૧૩-૪૧ સુધી, ૧૪-૪૨ થી ૧૫-૪૩ સુધી ૧૭-૪૪ થી ૨૦-૪૩ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૧૯.૦૯.૨૦૨૦ શનિવાર

મેષ(અ.લ.ઈ.) :- પરિવારના સભ્યોની જરૂરીયાતો વધવાની છે નોકરીમાં ફેરફારોની ઈચ્છા રૂપે ગુસ્સાને લઈને કોઈ સારો લાભ ગુમાવી શકાય.

વૃષભ(બ.વ.ઉ.) :- મિત્રો સાથે પ્રવાસનું આયોજન થાય. માન પ્રતિષ્ઠામાં વધારો થાય. રોજિંદા કાર્યોમાં ધ્યાન દેજો. મિલ્કતથી લાભ.

મિથુન(ક.છ.ઘ.) :- વાદવિવાદથી દૂર રહેજો કાર્યબોજ રેહેવાનો. સીઝનલ ધંધામાં આર્થિક લાભ મેળવશો. ભાગીદારોને સાથ સહકાર દેવો.

કર્ક(ડ.હ.) :- અગત્યના નિર્ણયો લેવા પડે મન ઉપરનો બોજ હળવો થાય. સગા સ્નેહીજનોને આર્થિક મદદ કરવી પડે પ્રવાસ થાય.

સિંહ(મ.ટ.) :- કારણ વગરનું ટેન્સન રહે. આત્મવિશ્વાસ વધારવો નવી ઓળખાણ લાભ દાયક રહે. નોકરીમાં ચીવટ પૂર્વક કાર્ય કરવું.

કન્યા(પ.ઠ.ણ.) :- મોજમજામાં સમયનો વ્યય ન કરવો. ભાઈ-બહેનો સાથે વ્યવસાયનું આયોજન શકય બને સંતાનોની સગાઈના કાર્યોમાં સફળતા.

તુલા(ર.ત.) :- જીદને વળગી રહેવાથી દૂર રહેજો અધીકારીઓને સહકાર દેજો લગ્ન જીવનમાં પ્રશ્નોનું નિરાકરણ આવે કર્જમાં રાહત.

વૃશ્ચિક(ન.ય.) :- નકારાત્મક વિચારોથી દૂર રહેજો સખત મહેનત એ તમારી સફતા છે ભાઈ-બહેનો સાથે સુમેળ વધવાનો.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- વ્યાપાર વૃધ્ધિના પ્રયત્નો ફળવાના કર્મચારી વર્ગનો સહકાર રહે. મિલ્કતની ખરીદીની ઈચ્છા ફળવાની વિદેશથી લાભ.

મકર(ખ.જ.) :- જવાબદારીઓ વધવાની છે સંપતિના પ્રશ્નોમાં લાભ આવકનું પ્રમાણ જળવાઈ રહે. પ્રગતિ માટે ઉત્તમ દિવસ.

કુંભ(ગ.શ.સ.) :- નોકરીમાં પ્રમોશનના ચાન્સ રહે. સ્વાસ્થ્ય બાબત જાળવવું માતુશ્રીનો સહકાર રહે. સ્થળાંતરની ઈચ્છા ફળવાની.

મીન(દ.ચ.ઝ.) :- નોકરીમાં બઢતી અંગેના પ્રયત્નો ફળવાના નવી ઓફર પણ આવે વડીલોનો સહયોગ સારો રહે. પ્રવાસ થાય.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## દાહોદ જિલ્લાની નારીશક્તિના આર્થિક અભ્યુદય માટે

# મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનું દેવગઢ બારિયા ખાતેથી લોન્ચિંગ

દે.બારીઆ,

દાહોદ જિલ્લાની નારીશક્તિના આર્થિક અભ્યુદય માટે અમલમાં મૂકવામાં આવેલી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનું ગરૂવારે દેવગઢ બારિયાની પીટીસી કોલેજ ખાતેથી ઇ-લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ગાંધીનગરથી આ યોજનાને લોન્ચ કરી હતી. દેવગઢ બારિયા ખાતે ઉપસ્થિત રાજ્યમંત્રી બચુભાઇ ખાબડે કહ્યું કે, મહિલાઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

કાર્યક્રમમાં સહભાગી મહિલાઓને સંબોધન કરતા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે, નરેન્દ્રભાઈનો મુખ્યમંત્રી તરીકેનો ૧૩ વર્ષનો શાસનકાળ એક દીર્ઘદ્રષ્ટા અને નિષ્ઠાવાન મુખ્યમંત્રીનો કાર્યકાળ હતો. તેમણે મહિલા અને યુવા વર્ગ માટે અનેક વિકાસલક્ષી યોજનાઓ અમલમાં મૂકી હતી. તેઓ વડાપ્રધાન બન્યા પાછી પણ મહિલાઓની ખુબ ચિંતા કરી, જનધન યોજના, ઉજાલા ગેસ વિતરણ યોજના, ઘર ઘર શૌચાલય યોજના ફક્ત અને ફક્ત મહિલાઓને ધ્યાનમાં રાખીને જ અમલમાં મૂકી છે.

મહિલાઓ કોઈપણ મિલકત ખરીદે તો તેમના માટે સ્ટેમ્પ ડ્યુટીમાંથી પણ મુક્તિ આપી છે. મહિલાને શક્તિ સ્વરૂપા તરીકે અદકેરૂં સ્થાન આપ્યું છે. આપણી પ્રાચીન પરંપરા તરીકે રાધાકૃષ્ણ, સીતારામ, ઉમાશંકર, વિગેરેમાં દેવીઓ એટલે કે સ્ત્રીઓનું પ્રથમ સ્થાન છે. અને તે પરંપરાને જાળવી મહિલાના સર્વાંગી વિકાસ માટે અને તેને પરૂષ સમોવડી બનાવવા માટે સરકાર અનેકવિધ યોજનાઓ લાવી છે.

પોલીસમાં મહિલા માટે ૩૩ ટકા અનામત સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સ્ત્રીઓનું ૫૦ ટકા પ્રતિનિધિત્વ સરકારી નોકરીમાં સ્ત્રી અનામત અને હવે તો જી.આઈ.ડી.સી.માં પણ બહેનો માટે રિઝર્વેશન રખાયું છે. કોઈપણ દેશે માથાદીઠ આવક વધારવી હશે તો મહિલાઓને મહત્વ આપવું જ પડશે. અને તેના કારણે જ ગુજરાત રાજ્યએ દેશમાં પ્રથમવાર ઝીરો ટકા વ્યાજથી મહિલાઓને લોન આપી સ્વનિર્ભર બનાવવાની ધિરાણ યોજના અમલમાં મૂકી છે. પ્રધાનમંત્રીએ ઝીરો બેલેન્સથી જનધન યોજનાથી દેશભરમાં કરોડો બેંક ખાતા ખોલાવ્યા છે.

સખી મંડળો પુનઃ સક્રિય બન્યા છે તેને આ યોજનાથી ખુબ સારો નાણાકીય સહયોગ મળશે. એક લાખ ગૃપ દસ બહેનો અને પચાસ લોકોને આ યોજના થકી તાત્કાલિક લાભ મળશે. અગાઉ એવું હતું કે પહેલા મંડળ બનાવો પછી બેંક પાસે અરજી કરો અને જો બેંકને યોગ્ય લાગે તો લોન મળતી હવે બેંક પહેલા પૈસા આપશે પછી મંડળ બનાવવાના રહેશે.

ગુજરાત સરકાર સ્ત્રી શક્તિને સુદ્રઢ બનાવવા કટીબદ્ધ છે. લોકો પર ભરોસો મૂકી આ યોજના અમલી બનાવી છે. આ યોજનાના કારણે ગુજરાત વધુ આત્મનિર્ભર બનશે. તે ભારતનું રોલ મોડલ બને તેવી આ નવતર યોજના છે. આવતા છ માસમાં તેનું સંપૂર્ણ લક્ષ્યાંક પૂર્ણ થાય તે માટે કામગીરી શરૂ કરી રાજ્યમાં ૭૦ સ્થળોએ એકસાથે ઈ-લોન્ચિંગ કરવામાં આવ્યું છે અને ૧૧૯ જેટલી સહકારી સંસ્થાઓ તથા બેન્કો સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે.

રાજ્ય મંત્રી બચુભાઇ ખાબડે જણાવ્યું કે, રાજ્ય સરકારે મહિલા કલ્યાણના અનેક પગલાં લીધા છે. નારી અદાલતો શરૂ કરી છે. અભયમ હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે. પોલીસની ભરતી તથા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં વિશેષ અનામત મહિલાઓ માટે રાખવામાં આવી છે.

તેમણે ઉમેર્યું કે, આ યોજનાથી મહિલાઓને આર્થિક ઉત્થાન માટે નવી તક મળશે. મહિલાઓ પગભર બની શકશે. રાજ્યના સખી મંડળોને આવરી લેવામાં આવ્યા છે. જેથી મહિલાઓ નિયત વ્યવસાય કરી આર્થિક સ્વતંત્ર બની શકશે. કલેક્ટર વિજય ખરાડીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં રાજ્ય સરકાર દ્વારા બાળકીના જન્મથી લઈને મૃત્યુ સુધી દરકાર રાખવામાં આવતી હોવાનું કહી વિવિધ યોજનાની માહિતી આપી હતી અને તેનો લાભ લેવા મહિલાઓને અપીલ કરી હતી.

ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સી. બી. બલાતે શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી. મહાનુભાવોના હસ્તે પાંચ સખી મંડળોને રૂ. ૧-૧ લાખની લોનસહાયના મંજૂરી પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વેળાએ દેવગઢ બારિયા નગરપાલિકાના પ્રમુખ દક્ષાબેન, ચેરમેન જુવાનસિંગભાઇ, અગ્રણી મુકેશભાઇ, પ્રાંત અધિકારી દિનેશ હડિયલ સહિત સખી મંડળો સાથે જોડાયેલી મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૧૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૧૫ કોરોના પોઝીટીવ દર્દીઓના સમાવેશ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૪૭૦ ને પાર થવા પામ્યો છે. આજે વધુ ૧૯ લોકોને હોસ્પિટલમાંથી રજા આપતા હવે એક્ટીવ કેસ ૧૮૦ છે.

રેપીટ ટેસ્ટના ૧૦૩૪ પૈકી પાંચ પોઝીટીવ અને આરટીપીસીઆરના ૨૩૯ પૈકી ૧૦ એમ આજે કુલ ૧૫ કોરોના પોઝીટીવ દર્દીઓનો સમાવેશ થયો છે. આ ૧૫માં દાહોદના ૯, દેવગઢ બારીઆનો ૧, ઝાલોદના બે, ગરબાડાના બે અને પંચેલાનો એક એમ ૧૫ નો સમાવેશ થાય છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાથી ૬૫૦ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

આજના ૧૫ કોરોના પોઝીટીવ દર્દીઓ પૈકી (૧) શુભમ મહેશકુમાર ગડારીયા (ઉ.૨૪ રહે. પડાવ દાહોદ), (૨) જાનકીરૂસેન ફિદાહુસેનખુશાલ ગઢવાલા (ઉ.૭૦ રહે. ગોધરા રોડ દાહોદ નુરબાગ), (૩) જીનલબેન રામુભાઈ પ્રજાપતિ (ઉ.૨૧ રહે. મંડાવ રોડ દાહોદ), (૪) ડૉ.વિણાબેન રામુભાઈ પ્રજાપતિ (ઉ.૨૪ રહે. મંડાવ રોડ દાહોદ), (૫) મુકુંદ રામુભાઈ પ્રજાપતિ (ઉ.૧૯ રહે. મંડાવ રોડ દાહોદ), (૬) કાળીબેન શીવાભાઈ પ્રજાપતિ (ઉ.૭૦ રહે. મંડાવ રોડ દાહોદ), (૭) શોભનાબેન અશ્વિનકુમાર શાહ (ઉ.૭૦ રહે. ગોવીંદનગર દાહોદ), (૮) મહેન્દ્રભાઈ કાલુરામ વાળંદ (ઉ.૬૫ રહે. લીમડી ઝાલોદ દાહોદ), (૯) શાહ અજયભાઈ ગીરધરલાલ (ઉ.૪૦ રહે. ઝાલોદ ઈન્દ્રપ્રસ્થ સોસાયટી ઝાલોદ), (૧૦) પરમાર જયેશ એન (ઉ.૩૮ રહે. શાંતિ કુંજ દે.બારીયા), (૧૧) વણઝારા શંકરભાઈ બીજાભાઈ (ઉ.૪૦ રહે.ગુનીયા ફળીયુ, પંચેલા), (૧૨) રાઠોડ પંકજ પુરષોત્તમ (ઉ.૩૬ રહે. તોરણ ફળીયુ ગાંગરડા ગરબાડા), (૧૩) રાઠોડ લક્ષ્મીકાબેન પંકજભાઈ (ઉ.૩૧ રહે. તોરણ ફળીયુ ગાંગરડા ગરબાડા), (૧૪)કાપડીયા જોયભાઈ જબીભાઈ (ઉ.૬૭ રહે. બુરહાની મોહલ્લા દાહોદ), (૧૫) રાવત પંકજ પુંજાભાઈ (ઉ.૪૧ રહે. સાંઈ દર્શન ગલાલીયાવાડ મવડી ઝોલા ફળીયુ દાહોદ).

## ખાણ ખનિજ વિભાગ કેમ પાંગળૂ ? ગેરકાનૂની રીતે રેતીનો કાળો કારોબાર : સરકારી તંત્ર રોકવામાં નિષ્ફળ કેમ ?

દે.બારીઆ,

દે. બારીઆ તાલુકા દાહોદ જીલ્લામાં રાજકીય દ્રષ્ટ્રી એ કે પછી સાંસ્કૃતિક દ્રષ્ટી એ મહત્વનો છે જ શું ? ભ્રષ્ટાચારમાં પણ મૉડેલ બની ગયો છે. દે.બારીઆની પાનમ નદીમાં કિંમતી ખનિજનો ભંડાર છે. જે રેતી રૂપી છે. આ ખનિજ કાચૂ સોનું છે. અડીને આવેલો રાજસ્થાનના બાંસવાડામાં પાનમ નદીની રીતની ઘણી ઊંચી કિંમત મળે છે. એક ટનના એક હજારથી પંદર સો રૂપીયામાં વેચાણ થાય છે. જેથી ખનિજ માફિયાઓ બેફામ થઈ ગયા છે. ચોમાસામાં ખનિજ સ્ટોક કરી ઊંચા ભાવે વેચાણ કરે છે અને નવી રેતીનું ખનન પણ અતિભારે ઉપકરણોથી આધુનિક મશીનો દ્વારા ખનન થાય છે પણ ખાણ અને ખનિજ વિભાગ પોતાના ખિસ્સામાં વજન આવી જતો હોય તો કેમ આ તરફ આવ્યું. અગર દેખાવ પૂરતો આવવા નિકળે તો દાહોદ થી નિકળે તો ફોન થઈ જાય અને અહિંયા રેતી માફિયાઓ ગાડીઓ ભરવાનું બંધ કરી દે અને આવી ને જતા રહે તો પણ ફોન થઈ જાય એટલે ફરી ગેરકાનુની ખનન ૨૪ કલાક ચાલુ થઈ જતો હોય છે.

રેતીના માફિયાઓ સાથે ભ્રષ્ટ અધિકારો વહેવાર લઈને ખનિજ માફિયાઓ સાથે સાંઠગાંઠ કરી ખનિજ ચોરીમાં સરકારી તંત્ર સાથ આપતા હોય તો કોણ આવા કાચા સોનાના ધંધામાં ના ઝંપલાવે કરોડો રૂપીયાનું ગુજરાત સરકારની તિજોરીને નુકશાન થઈ રહ્યું છે. ટ્રાફિક પોલીસને પણ ફોડી નાખી છે. જેથી આંખ આડા કાન કરતા દેખવા મળે છે. સ્ટેટ વિજીલન્સ આ દીશામાં કોઈક પગલાં ભરશે કે પછી લુંટો રે ભાઈ લુંટોની નીતિ ચાલતી રહેશે કે પછી આપણા પ્યારા ભારત દેશને વફાદારીના સપત લેવાય છે. તે અંગેની થોડી પણ લાગણી થશે તે તો આવનારો સમય બનાવશે કે ભારત મહાન છે કે પછી ભ્રષ્ટાચાર આચરવું મહાન છે. જેથી ભ્રષ્ટાચાર દેશોની યાદીમાં ઉપર આવી જઈએ તો નવાઈ નહીં.

## ફતેપુરાથી માનસીક અસ્વસ્થ હાલતમાં મળેલ મહિલાની વ્હારે અભયમ્ આવી પરિવાર સાથે મેળાપ કરાવ્યો



ફતેપુરા,

મહિલા ફતેપુરાના કુમાર છાત્રાલય પાસે માનસિક-ભગ્ન હાલતમાં જોવા મળી હતી. એક શિક્ષકે આ બાબતે અભયમ ટીમને ફોન કરીને જાણ કરી હતી. અભયમની ટીમ તાત્કાલિક પહોંચી હતી અને મહિલાને આશ્રય-સારવાર મળી રહે તે માટે સખી વન સ્ટોપ સેન્ટર, દાહોદ ખાતે લાવવામાં આવી હતી. પરંતુ મહિલા પોતાના વિશે, ગામ કે સંબધીજનો વિશે કશું પણ જણાવી શકે તેવી હાલતમાં નહોતી.

મહિલાની માનસિક અસ્વસ્થતા જોતા માનસિક સારવારની જરૂર હોય નિષ્ણાંત સાયકોલોજીસ્ટ પાસે સારવાર કરાવામાં આવી. માનસિક રોગના નિષ્ણાત ડો. નિનામાએ મહિલાની સારવાર કર્યા બાદ મહિલાના વર્તનમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો હતો અને સખી વન સ્ટોપ સેન્ટરની ટીમ સાથે કાઉન્સિલિંગ દરમ્યાન તેમણે વાતચીતમાં પોતાના ગામની થોડી ઘણી માહિતી આપી હતી.

મહિલાએ આપેલી માહિતી અધૂરી હતી. પરંતુ જેટલી પણ માહિતી મળી હતી તેના આધારે શોધખોળ શરૂ કરવામાં આવી. આ માટે દાહોદના પોલીસ અધિકારીઓની પણ મદદ લેવામાં આવી. સઘન શોધખોળ બાદ જે તે ગામ શોધી કાઢવામાં આવ્યું. મહિલાના પરિવારજનો પણ ચોતરફ તેમને શોધી રહ્યાં હતા પરંતુ તેમને મહિલા બાબતે કોઈ સગડ મળ્યા નહોતા. ઉપરાંત મહિલા માનસિક સમસ્યાઓનો સામનો કરી રહી હોય કશું જણાવી શકે તેમ ન હોય સંબધીઓ ખૂબ ચિંતામાં હતા. ત્યારે સખી વન સ્ટોપ સેન્ટરે ગામના સરપંચની મદદથી મહિલાના પરિજનો સાથે તેનો સુખદ મેળાપ કરાવતા સૌ કોઈમાં હર્ષની લાગણી વ્યાપી હતી.

## ફતેપુરાના વડવાસા ગામે BJP દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના વડવાસા ગામે આવેલા લીમડા હનુમાનજીના મંદિરના પરીસરમાં ભારતીય જનતા પક્ષ ફતેપુરા તાલુકા દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. વડાપ્રધાનના ૭૦ વર્ષની જન્મદિન નિમિત્તે રાખેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં દાહોદ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ ફતેપુરા તાલુકા ભાજપ પ્રમુખ, કાર્યકર્તાઓ ફતેપુરા ગ્રામ પંચાયતના સરપંચ તેમજ ખુબ મોટી સંખ્યામાં તાલુકા ભાજપના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. વડાપ્રધાનના જન્મ જયંતિ નિમિત્તે શતાબ્દી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છતા અભિયાન પ્લાસ્ટિક મુકત અભિયાન જેવા કાર્યક્રમોનુ આયોજન કર્યુ હતુ. જેના ભાગરૂપે તાલુકાના વડવાસ ગામે આવેલ લીમડા હનુમાનજીના મંદિરના પરીસરમાં ભારતીય જનતા પક્ષના દાહોદના પ્રમુખ તેમજ હોદ્દેદારો અને કાર્યકર્તાઓના વરદ હસ્તે ૭૦ વૃક્ષોનુ વૃક્ષારોપણ કર્યુ હતુ.

## ગરબાડાના બાવકા ગામેથી એકટીવાની ચોરી

ગરબાડા,

ગરબાડા તાલુકાના બાવકા ગામેથી એકની એક્ટીવા ટુ વ્હીલર ગાડીની ઉઠાંતરી થતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

દાહોદ શહેરના પરેલ ખડ્ડા કોલોની વિસ્તારમાં રહેતી સોનલબેન નવલસીંગભાઈ સોલંકી ગત તા.૧૫મી સપ્ટેમ્બરના રોજ ગરબાડા તાલુકાના બાવકા ગામે શીંગરી ફળિયા ખાતે આવેલ શિવ મંદિર ખાતે ગયા ગયા ગતા. આ દરમ્યાન તેઓએ પોતાની એક્ટીવા ટુ વ્હીલર ગાડીને મંદિરની આગળ લોક મારી પાર્ક કરી હતી. આ ગાડીને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે સોનલબેન નવલસીંગભાઈ સોલંકીએ જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દેવગઢ બારીઆમાં કોંગ્રેસના ભારતસિંહ વાખળાએ ૧૬.૪૩ કરોડના ચેકડેમોની ઉચ્ચાપતની રજૂઆત કરતાં રાજકીય ગરમાવો

દે.બારીઆ,

દે.બારીઆ વિધાનસભા બેઠકના ચુંટણીજંગમાં ભાજપ સરકારના મંત્રી બચુભાઈ ખાબડ સામે હારી ગયેલા કોંગ્રેસના ઉમેદવાર ભારતસીંહ વાખળાએ દે.બારીઆ અને ધાનપુર તાલુકામા મંજુર થયેલા નવીન ૩૩૦ ચેકડેમો બનાવ્યા વગર અંદાજે ૧૬.૪૩ કરોડ રૂપિયાની ગેરરિતીઓ આચરવામાં આવી હોવાની લેખિત રજુઆત દાહોદ જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ કરીને રાજ્યમંત્રી બચુભાઈ ખાબડના તાબા હેઠળના જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના મનરેગા શાખાની આ યોજનામાં કર્યો હોવાના ચોકાવનારા આક્ષેપોથી દાહોદ જિલ્લા વહીવટી તંત્રમાં ભારે સોપો પડી જવા પામ્યો છે. સાથોસાથ સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓમાં બહુમતિ સમાજની બાદબાકીના ગરમ બનેલા અસંતોષના રાજકીય માહોલમાં ૩૩૦ ચેકડેમોના ચોકાવનારા કૌભાંડની આ લેખિત રજુઆતના આક્ષેપોએ દે.બારીઆ વિધાનસભા બેઠકના રાજકીય માહોલને પલીતો ચાંપ્યો છે અને આ પડઘાઓ ગાંધીનગરના રાજકારણને પણ ગરમ કરશે એવા એંધાણો દેખાઈ રહ્યા છે.

દે.બારીઆ વિધાનસભા ચૂંટણીમાં ભા.જ.પ.ના ઉમેદવાર બચુભાઈ ખાબડ સામે હારી ગયેલા કોંગ્રેસના ઉમેદવાર ભારતસિંહ પ્રતાપભાઈ વાખળાએ તા.૫ મી ના રોજ દાહોદ જિલ્લા વિકાસ અધિકારીને આપેલ લેખીત રજુઆતમાં દે.બારીઆ વિધાનસભા બેઠકના કાર્યક્ષેત્રના ગામડાઓમાં મનરેગા યોજના હેઠળ જે નવીન ૩૩૦ ચેકડેમો મંજુર કરવામાં આવ્યા હતા આ ચેકડેમો બનાવ્યા વગર અંદાજે ૧૬.૪૩ કરોડ રૂપિયાના ખર્ચાઓના બીલો મંજુર કરી,વિદ્યાર્થીઓના નામના ખોટા જોબ કાર્ડ બનાવીને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના કર્મચારીઓ અને તાલુકા પંચાયત કચેરીઓના સત્તાધીશોએ ગેરરીતીઓ આચરી છે. આ અંગે અરજદાર ભારતસીંહ વાખળાના ગુજરાત ભા.જ.પ. સરકારના રાજયમંત્રી બચુભાઈ ખાબડ સામે કરેલા આક્ષેપોને દાહોદ જિલ્લાના વહીવટી સત્તાધીશો રાજકીય આક્ષેપોની નજરોથી જોઈ રહ્યા છે અને આ શક્ય એટલા માટે છે કે ગુજરાત સરકારના મંત્રી સામે કરવામાં આવેલા આ આક્ષેપોમાં સત્ય છે કે જૂઠા છે આ તપાસો કરવાની હિંમત દાહોદ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ કરી શકે એમ નથી અને ઘરે તો કલીન ચીટ આપીને અરજદારના આક્ષેપો જુઠા છે અને રાજકીય બદ ઈરાદાઓ પ્રેરિત હોવાનું જાહેર કરવા માટે સક્ષમ છે. પરંતુ દાહોદ જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ ગ્રામ વિકાસ વિભાગનો હવાલો સંભાળનાર ભા.જ.પ.સરકારના રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડના મત વિસ્તારો દે.બારીઆ અને ધાનપુર તાલુકામાં મનરેગા યોજનાના ૩૩૦ ચેકડેમો ઓહીય કરી જનારા આ ચોંકાવનારા આક્ષેપો અરજીમાં અરજદાર ભારતસીંહ વખાળાએ ન્યાયિક તપાસો કરો અને ભ્રષ્ટાચાર સાબિત થાય તો પોલીસ ફરીયાદ દાખલ કરો અને આ અરજી ખોટી હોય તો મને ફાંસીના માચડે લટકાવી દો ના આક્રમક તેવરો વચ્ચે જો ન્યાય નહીં થાય તો ગુજરાત હાઈકોર્ટમાં જવાની ચિમકીઓ ઉચ્ચારી છે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં બેઠકો ફાળવવામાં દે.બારીઆ બેઠકમાં બહુમતિ અને નિર્ણાયક એવા બક્ષીપંચ સમાજની બાદબાકીના અસંતોષના ઉગ્ર માહૌલ વચ્ચે જ ભારતસિંહ વખાળાના આ લેખીત આક્ષેપો ભલે રાજકીય નજરોથી જોવામાં આવે પરંતુ ૩૩૦ જેટલા ચેકડેમો સામેના આ આક્ષેપોથી ભલભલા કર્મચારીઓ અંદરખાને પરસેવે રેબઝેબ થઈ જાય એવા એંધાણો શરૂ થઈ ચૂકયા છે!

## દાહોદના મોટી ખરજ ગામેથી સગીરાનું લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના મોટી ખરજ ગામેથી એક ૧૬ વર્ષીય સગીરાને પત્નિ તરીકે રાખવા સારૂ એક યુવક મોટરસાઈકલ પર બેસાડી અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. ગરબાડા તાલુકાના દેવધા ગામે રહેતો કિશનભાઈ ઉર્ફે અકુભાઈ બારીયાએ ગત તા.૧૪મી સપ્ટેમ્બરના રોજ ગરબાડા તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીયને મોટીખરજ ગામેથી પત્નિ તરીકે રાખવા સારૂ સગીરાને બળજબરીપુર્વક મોટરસાઈકલ પર બેસાડી પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દાહોદને કુપોષણથી મુક્ત કરવા પોષણકર્મીઓને આહ્વાન કરતા જિલ્લા વિકાસ અધિકારી

દાહોદ,

દાહોદ જિલ્લામાં પોષણ માસની ઉજવણી જોશભેર કરવામાં આવી રહી છે. જિલ્લામાં પોષણયુક્ત આહારની અગત્યતા જનજન સુધી પહોંચે તે માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે. આજ રોજ જિલ્લા પંચાયત ભવન ખાતે જિલ્લાના પોષણકર્મીઓ વચ્ચે પોષક વાનગીઓની જિલ્લા કક્ષાની હરીફાઇ યોજાઇ હતી. જેમાં આંગણવાડી કાર્યકર્તાઓ સાથે કિશોરીઓએ પણ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજે પોષણકર્મીઓને જિલ્લાને કુપોષણથી મુક્ત કરવા આહ્વાન કર્યું હતું.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી પોષણને પ્રથમ પ્રાથમિકતા આપી રહ્યાં છે. અત્યારના કોરોના મહામારીના સમયમાં જો યોગ્ય પોષક આહાર લેવામાં આવે તો આ મહામારીથી દૂર રહી શકાય છે. આપણા જિલ્લામાં કુપોષણથી પીડાંતા બાળકોને રેડ ઝોનમાંથી ગ્રીન ઝોનમાં લાવવા એટલે કે સુપોષિત કરવા એ જ આપણું પ્રથમ ધ્યેય હોવું જોઇએ.

જિલ્લાને કુપોષણથી મુક્ત કરવા ત્રણ બાબતો પર ભાર મુકતા જણાવ્યું કે, કુપોષણથી મુક્ત થવા સારો પોષક આહાર મળવો ખૂબ જરૂરી છે. બીજી જરૂરી બાબત એ છે કે બાળકના માવતર પણ પોષણ બાબતે જાગૃતિ દાખવે અને પોષણ બાબતે સજાગ બને. ત્રીજી અને મહત્વપૂર્ણ બાબત આપ સૌ આંગણવાડી કાર્યકર્તાઓની સક્રિયતા છે. આપ સૌ સક્રિય થઇ જિલ્લાને કુપોષણથી મુક્ત કરી શકો છો. આપ સૌ પોષણ સેનાનીઓ છો અને આપણા જિલ્લાને સુપોષિત બનાવવા સૌએ કમર કસવી રહી.

આ પ્રસંગે પોષણકર્મીઓ દ્વારા નિર્દેશિત કરવામાં આવેલી વાનગીઓનું જિલ્લા વિકાસ અધિકારીએ નિરીક્ષણ કર્યું હતું. પોષણકર્મીઓએ બાલશકિત, પૂર્ણાશકિત અને માતૃશક્તિના પેકેટનો ઉપયોગ કરી લાડું, સુખડી, હાંડવો, થેપલાં, કેક, સરગવાના પાનનાં ઢોકળાં, ગાજરનો હાંડવો, કટલેસ વગેરે વાનગીઓ બનાવી હતી. જેમાં આંગણવાડી ખાતે તૈયાર કરવામાં આવેલા કિચન ગાર્ડનની શાકભાજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જિલ્લા વિકાસ અધિકારીએ પોષણકર્મીઓની કામગીરીને બિરદાવી હતી અને તેમનામાં નવઉત્સાહનો સંચાર કર્યો હતો.

આ પ્રસંગે દાહોદના પોગ્રામ ઓફીસર ડો. કમલેસ ગોસાઇ, જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.ડી.પહાડીયા, ડિસ્ટ્રિક્ટ કન્સલ્ટન્ટ (યુનીસેફ) ડો. નીરજ તિવારી ઉપરાંત જિલ્લાના પોષણ વિભાગનાં અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 25

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## લાંચ પ્રકરણમાં અપ્રમાણસર મિલ્કતો ધરાવનાર પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ પંચમહાલના પૂર્વ

# અધિકારી સાધુની ભુજના માંડવીથી અટકાયત કરતી ACB

- જે તે સમયે ફરિયાદી પાસેથી રૂા.૧,૨૦,૦૦૦ની રકમ સ્વીકારી હતી.
- ચાર ચાર વર્ષથી ACB દ્વારા અપ્રમાણસર મિલ્કત અંગે તપાસ હાથ ધરી હતી.
- ફરજ દરમ્યાન જાહેર સેવક તરીકેનો હોદ્દાનો દુરઉપયોગ.
- ઈરાદાપૂર્વક ધનવાન થવા નાણાં મેળવીને સ્થાવર તથા જંગલ મિલ્કતોમાં રોકાણ કર્યુ હોવાનું તપાસમાં ખુલ્યું હતું.
- લાંચિયા અધિકારી સાધુની ભુજ ખાતેથી અટકાયત કરી ગોધરા લવાયા.
- કોરોનાના પરિક્ષણ બાદ વધુ પુછપરછ અંગેની એસીબી એ તપાસ આગળ ધપાવી.
- જીલ્લાની કચેરીઓમાં દિનભર ચર્ચાનો વિષય સાથે અન્ય લાંચિયાઓમાં ફફડાટની લાગણી.

ગોધરા,

વર્ષ ૨૦૧૭માં પંચમહાલ જીલ્લા પ્રદુષણ નિયંત્રણ કચેરીમાં પ્રાદેશિક અધિકારી ગિરજાશંકર સાધુ લાંચ સ્વીકારતા ઝડપાઈ ગયા હતા. તેઓના મિલ્કતોની તપાસ બાદ આવક કરતાં રૂા.૬૮,૨૪,૩૫૭ એટલે ૫૩.૫૧ ટકા મિલ્કતો અપ્રમાણસર આવક થકી જાહેર સેવક તરીકેનો હોદ્દાનો દુરઉપયોગ કરીને અપ્રમાણસર મિલ્કત મેળવ્યાનું બહાર આવતાં તેઓ વિરૂદ્ધ અગાઉ એસીબી પંચમહાલ દ્વારા ગુનો દાખલ કરીને આજે વધુ તપાસ અર્થે ભુજના માંડવી ખાતે થી અટકાયત કરી ગોધરા લવાતા લાંચિયા કર્મચારીઓમાં ખળભળાટ મચી ગયો છે.



રાજય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ પ્રાદેશિક કચેરી પંચમહાલની ગોધરા કચેરીમાં પ્રાદેશિક અધિકારી વર્ગ-૧ તરીકે ફરજ બજાવતા ગીરજાશંકર મોહનભાઈ સાધુ એ ફરિયાદીના ડીમીનરલાઈઝ વોટર પ્લાન્ટ શરૂ કરવાનો ઓબ્જેકશન સર્ટીફિકેટ આપવાના અવેજે પેટે રૂા.૮૦ હજાર અને દર ત્રણ માસે ફેકટરી ખાતે આવી હેરાનગતિ નહી કરવાના રૂા.૪૦ હજાર મળીને કુલ રૂા.૧.૨૦ લાખની લાંચની માંગણી કરી હતી. જેથી લાંચની માંગણી સ્વીકારતા ઝડપાઈ ગયેલ ગીરજાશંકર સાધુ સામે ગોધરામાં ગત તા.૨૨/૦૩/૨૦૧૭ના રોજ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. તેઓની ધરપકડ બાદ જામીન મુકત થતા એડીશન સેશન્સ કોર્ટ ગોધરા સમક્ષ સરન્ડર કરેલ હતા. આરોપી અધિકારીની લાંચીયાવૃતિને અનુલક્ષીને અપ્રમાણસર મિલ્કત અંગે તપાસ હાથ ધરી કુટુંબીઓના મિલ્કત દસ્તાવેજો તથા વિવિધ બેંક ખાતાઓની એસીબીના નાણાંકીય સલાહકાર દ્વારા વિશ્લેષણ હાથ ધરાયું હતું. આ તપાસમાં પારદર્શકતા લાવવા માટે તેઓના તથા તેમના કુટુંબીઓ, સંબંધીઓના વિડીયોગ્રાફી સાથેના નિવેદનો નોંધવામાં આવેલ હતા. પ્રાથમિક વિગતવાર ઝીણવટભરી તપાસ બાદ ગીરજાશંકર સાધુ (હાલ પંર્યાવરણ ઈજનેર, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ) અગાઉ પંચમહાલ પ્રાદેશિક કચેરીમાં ફરજ બજાવતા હોઈ તેઓની ચેક પિરીયડ રકમોના આધારે તા.૧/૪/૨૦૧૧ તા. ૩૧/૦૩/૨૦૧૭ સુધીની શોધી કાઢેલ મિલ્કતો તથા આવક ખર્ચની રકમોના આધારે ગણતરી કરતા આપેક્ષિત દ્વારા રૂા.૬૮,૨૪,૩૫૭ની એટલે ૫૩.૫૧ ટકા જેટલી કાયદેસરની આવકની સરખામણીમાં તેઓએ વસાવેલ સ્થાવર જંગમ મિલ્કત તથા કરેલ રોકાણ/ખર્ચ રકમની વધુ વસાવેલ હોવાનું જણાય છે. તપાસ દરમ્યાન આક્ષેપિત દ્વારા આ વર્ષ દરમ્યાન રૂા.૨૨,૪૧,૦૦૦ રોકડા રકમનો ઉપાડલ કરેલ છે. અને રૂા.૨૪,૭૫,૮૮૪ રોકડા રકમ જમા કરાવેલ છે. આ અગાઉ ફરજ બજાવતા આ આક્ષેપિત દ્વારા તા.૧/૪/૨૦૧૧ થી ૩૧/૦૩/૨૦૧૭ના ચેક પીરીયડ દરમ્યાન પોતાના જાહેર સેવક તરીકેનો હોદ્દાનો દુરઉપયોગ કરી ઈરાદાપૂર્વક ગેરકાયદે પોતે ધનવાન થવા માટે નાણા મા ંગણી તથા નાણાનો સ્થાવર/ જંગમ મિલ્કતોમાં રોકાણ કરી અપ્રમાણસર મિલ્કતો જણાઈ આવેલ છે. આમ ગીરજાશંકર સાધુ પ્રાદેશિક અધિકારીએ પોતાની ફરજ દરમ્યાન પોતાની કાયદેસરની આવકના સ્ત્રોતમાંથી મેળવેલ આવક કરતા રૂા.૬૮,૨૪,૩૫૭ એટલે ૫૩.૫૧ ટકા જેટલી મિલ્કતો રોકાણ (ખર્ચ) વધુ કરેલ હોવાનું જણાતા તપાસ અધિકારી એ અગાઉ આક્ષેપિત ગીરજાશંકર મોહનભાઈ સાધુ તથા અન્ય વિરૂદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનીય મુજબ ગુન્હો દાખલ કર્યો હતો અને આ ગુનાની તપાસ આર.આર.દેસાઈ પોલીસ ઈન્સ્પેકટર, પંચમહાલ એસીબી, ગોધરા એ વધુ તપાસ હાથ ધરીને આજે શુક્રવારે ભુજના માંડવી ખાતેથી તેઓની અટકાયત કરીને નિયમોનુસાર હાલની મહામારી કોરોનાના પરીક્ષણબાો ગોધરા ખાતે લવાઈને જરૂરી પુછપરછ હાથ ધરી હતી. અને આગળની તપાસ કામગીરી શરૂ કરાતા દિનભર જીલ્લાની વિવિધ કચેરીઓમાં ફરજ બજાવતા કેટલાક લાંચિયા અધિકારીઓ અને કર્મચારીઓમાં ચર્ચાઓ વચ્ચે ફફડાટની લાગણી વ્યાપી ગઈ છે.

## ગોધરા નગરપાલિકાની માહિતી અધિકાર હેઠળ રેકર્ડ વિગતો મેળવવા અધધ... રૂા.૬૦ લાખ ભરવા અરજદારને નોટીસ

- જાન્યુઆરીમાં અરજી કર્યા બાદ સપ્ટેમ્બરમાં પણ ન્યાય માટે ગોધરાના અરજદારને રઝળપાટ.
- શંકાસ્પદ એવી નિયમ વિરૂદ્ધની માહિતી છુપાવવાનો માર્ગ શોધી રૂા.૬૦ લાખ ભરવા પાલિકાનું ફરમાનનો ગણગણાટ.
- સામાન્ય અરજદારની મસમોટી રકમ ફી જમા કરવાનું સાંભળતા જ પગ નીચેથી જમીન સરકી ગઈ.

ગોધરા,

ગોધરા નગર પાલિકાના બાંધકામ વિભાગની માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત અરજદારને વડોદરા અનેક અપીલ બાદ આખરે દસ વર્ષના રેકર્ડ માહિતી ઉપલબ્ધ માટે અધધ.....રૂા. ૬૦ લાખ જમા કરાવવા ફરમાન કરાતા માતબર રકમને લઈને ખળભળાટ વચ્ચે લોકોમાં આશ્ચર્ય સાથે ચર્ચાઓને વિષય બન્યો છે.



ગોધરાના કાસમ હુસેની હઠીલા દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ તા.૧૦/૦૨/૨૦૨૦થી અરજીથી ગોધરા નગરપાલિકા બાંધકામ વિભાગની છેલ્લા દસ વર્ષની જુદી જુદી વિગતો માંગી હતી. જે સંદર્ભે અરજદાર નારાજ થઈ ચીફ ઓફિસર પ્રાદેશિક કમિશ્નરની કચેરીમાં અપીલ અધિકારી સમક્ષ અપીલ અરજી કરી હતી. જે તારીખ મુજબ અરજદારના વિડીયોગ્રાફર સાથે હાજર રહીને રેકર્ડ નિરીક્ષણની વિડીયોગ્રાફી નહી કરવા અંગે કચેરી દ્વારા આગ્રહ સેવતા અરજદારને રેકર્ડ નિરીક્ષણની કામગીરીથી ઈન્કાર કરાયો હતો. ત્યારબાદ વિડીયોગ્રાફી વિના અન્ય વ્યકિત મારફતે રેકર્ડ નિરીક્ષણ મોબાઈલ કરાતા રોજ કામમાં સહી કર્યા વિના માટે રેકર્ડ નિરીક્ષણ નથી કરવું તેમ કહીને અરજદાર કચેરી બહાર નીકળી ગયા હતા. ત્યારબાદ માંગેલ માહિતી નિયમોનુસારની જોગવાઈ મુજબ જોતાં દસ વર્ષના રેકર્ડ માટે નકલ ફી પેટે અંદાજીત રૂા.૬૦,૦૦,૦૦૦/-(સાઈઠ લાખ) જમા કર્યા બાદ નકલો પુરી પાડવાની કાર્યવાહી હાથ ધરવમાં આવશે તે મતલબથી નોટીસ અરજદારને મુખ્ય અધિકારી દ્વારા બાંધકામ વિભાગ દ્વારા થયેલા કામોની માહિતી અરજદારે માંગી હતી. ત્યારે અપીલ અરજી બાદ અરજદારને અનેક ધરમધક્કા અને યાતનાઓ સેવ્યા પછી માહિતી આપવા પાલિકા સંમત થઈને રૂા.૬૦ લાખ ફી ચુકવવાની નોટીસ આપતા આશ્ચર્ય વચ્ચે ગરીબ એવા સામાન્ય અરજદારના પગ નીચેથી જમીન સરકી ગઈ છે. સંભવિત આપવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે સરકારી કચેરીમાં વિવિધ કામોમાં આચરાતી અનિયમિતા અંગે માહિતી માંગી શકવાનો અને ઉજાગર કરી શકવાનો કેન્દ્ર સરકાર દ્વારા માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ કાયદો બનાવતા હજારો અરજદારોને લાભ થયો છે.

ત્યારે છેલ્લા કેટલાક સમયથી ગોધરા પાલિકાના નગરપાલિકાની કહેવાતી શંકાસ્પદ કે જે નિયમ વિરૂદ્ધની કેટલી હોવાથી અને છુપાવવાના આશયથી સત્તાધિશો દ્વારા ૬૦ લાખ જમા કરવાનું ફરમાન કરાયું હોવાનું કહેવાય છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી ન્યાય માટે તડપતા અરજદારને જવાબ માટે મસમોટી રકમ આપવાની નોટીસ થી ખળભળાટ વ્યાપી ગયો છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૨૮ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૦૨૬ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૮ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૮ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૦૨૬ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૮ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૧૦, હાલોલ-૧૦, કાલોલ-૦૮ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

- ૩૪ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૨૫૫.
- મૃત્યુ આંક - ૧૦૨

### પંચમહાલ જીલ્લામાં આજે આવેલ પોઝીટીવ કેસ

ગોધરા-૧૦, હાલોલ-૧૦, કાલોલ-૦૮.

-: ગોધરા :-

દેવાંશી અનિલ મોર - ૧૦ વર્ષીય બાળકી- ગોધરા, કલ્પનાબેન રમેશભાઈ ચૌહાણ - ૫૫ વર્ષીય મહિલા - બહારપુરા, મકવાણા રાજુભાઈ સાકરભાઈ - ૪૫ વર્ષીય પુરૂષ - ડોડીયા ફળીયું ભુરાવાવ, દિપકકુમાર સુનિલભાઈ મકવાણા-૨૦ વર્ષીય પુરૂષ - વોટર વર્કસ ફળીયું- કાંકણપુર, પારૂલબેન સુનિલકુમાર મકવાણા-૪૦ વર્ષી મહિલા-વોટર વર્કસ ફળીયું-કાંકણપુર, બામણીયા મોહન રાવજી-૫૬ વર્ષીય પુરૂષ -મનરથ સોસા. નાલંદા સ્કુલ પાસે, શિલ્પાબેન મીનેશભાઈ ખાંટ-૩૫ વર્ષીય મહિલા - ઉત્સવ બંગલો વાવડી, આરોહી મીનેશભાઈ ખાંટ-૦૪ વર્ષીય બાળકી - ઉત્સવ બંગલો વાવડી, આર્યન મીનેશભાઈ ખાંટ- ૦૯ વર્ષીય બાળક- ઉત્સવ બંગલો વાવડી.

-: હાલોલ :-

વિમલ મુકેશભાઈ જોષી-૨૯ વર્ષીય પુરૂષ - ધનશ્યામ નગર, રશ્મીન અરવિંદ પ્રજાપતિ-૩૫ વર્ષીય પુરૂષ - નિલકંઠ સોસા., અજીત રામચંદ્ર પીલ્લા-૫૧ વર્ષીય પુરૂષ - કંજીર રોડ, અફસાર હુસેન ફકરૂદીન વોરા-૬૫ વર્ષીય મહિલા-ટાવર પાસે, યાસ્મીન અફસર વોરા-૫૦ વર્ષીય મહિલા-ટાવર પાસે, અમૃતભાઈ વીરાભાઈ કટારા-૩૩ વર્ષીય પુરૂષ - ફુલાભાઈ પાર્ક, જસવંતભાઈ સોમાભાઈ ડામોર-૨૪ વર્ષીય પુરૂષ - ફુલાભાઈ પાર્ક, રમેશ દરગાજી મારવાડી-૪૬ વર્ષીય પુરૂષ - ગુરૂકૃપા સોસા., અજમા અશરફ હુસેન વોરા-૨૬ વર્ષી મહિલા- ટાવર પાસે, રવિ પ્રકાશ ગુપ્તા-૨૬ વર્ષીય પુરૂષ- અરાદ રોડ.

-: કાલોલ :-

રાજેન્દ્ર લાલુભાઈ વરીઆ-૪૦ વર્ષીય પુરૂષ - કુંભારવાડા, મનોજકુમાર વાડીલાલ-૩૮ વર્ષીય પુરૂષ - કુંભારવાડા, રમીલાબેન પંકજભાઈ -૫૧ વર્ષીય મહિલા-મોટું ફળીયું, અમિતકુમાર ભાનુપ્રસાદ ભટ્ટ-૪૦ વર્ષીય પુરૂષ - ભટ્ટ ફળીયુ દેલોલ, ઘર્ણી અમિતકુમાર ભટ્ટ-૪૦ વર્ષીય મહિલા- ભટ્ટ ફળીયું ,વિદ્યાબેન મહેન્દ્રભાઈ વરીઆ-૫૩ વર્ષીય મહિલા- મોટુ ફળીયુ, ગુણવંતલાલ ચંદુલાલ-૮૮ વર્ષીય પુરૂષ - મહેતા સોસા., વિરૂબેન ગુણવતલાલ શાહ-૮૪ વર્ષીય મહિલા- મહેતા સોસા.

### કાલોલની ખાનગી હોસ્પિટલની સ્વીપર દ્વારા

## અજાણી મહિલાની પ્રસૃતિ કરાવી બાળકને ૧૫ હજારમાં વેચી દેવાના કિસ્સામાં ૩ વ્યકિતની પોલીસે ધરપકડ કરી

કાલોલ,

પંચમહાલ જીલ્લાના કાલોલ તાલુકામાં હ્યુમન ટ્રાફિકિંગનો બનાવ સામે આવ્યો છે. કાલોલના ખાનગી પ્રસુતિ હોસ્પીટલની સ્વીપર દ્વારા અજાણી મહિલાના તાજા જન્મેલા બાળકને કાલોલ તાલુકના સુરેલી ગામના અને ૩ પુત્રીઓના માતા પિતાને રૂા.૧૫ હજારમાં વેચી દેવામાં આવ્યો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી છે, આ મામલે કાલોલ પોલીસ દ્વારા ગુન્હો નોધી વધુ તપાસ હાથ ધરી છે.




તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ તાલુકાના સુરેલી ગામે રહેતા દંપતીને વસ્તારમાં ત્રણ પુત્રીઓ હતી. પણ પુત્રના મોહને લીધે પુત્રની ઝખના ધરાવતાં હતાં તેઓને ૧ સપ્ટેમ્બરના રોજ મોબાઈલ પર કાલોલના રાધા ગોપી પ્રસુતિ હોસ્પીટલમાં સાફ સફાઈ કરવા વાળા મંજુલાબેનનો ફોન આવ્યો કે તમારે છોકરો જોઈતો હોય તો તાત્કાલીકકાલોલ ખાતે આવી જાવ, જેથી પુત્રની ઘેલછાએ સુરેલીના દંપતી રીનાબેન અને પ્રવિણભાઇ કાલોલ મંજુલાબેનના ઘરે પહોચી ગયા હતા. જયાં મંજુલાબેનએ રીનાબેનને તાજુ જન્મેલ બાળક આપ્યું હતુ.અને મંજુલાબેને કહ્યું કે બાળકની માતાને ખર્ચ પેટે ૧૫ હજાર આપવાના થશે તેમ સગાને મળવાનુ કહેતાં મંજુલાબેનને તમારે છોકરા સાથે મતલબ રાખોને તમારી જોડે કોઈ બાળક લેવા નહિ આવે તેમ જણાવીને ૧૫ હજારના બદલામાં બાળક આપ્યુ હતું. બાળક લઈને દંપતી સુરેલી પોતાના ઘરે આવ્યા હતા. પરતુ ચાર પાંચ દિવસથી બાળક માતાના ધાવણ વગર રડયા કરતું

> જયારે બાળસુરક્ષા અધીકારીએ કાલોલ પોલીસ મથકે બાળકને જન્અમ આપનાર અજાણી સ્ત્રી, મંજુલાબેન, રીનાબેન પટેલ તથા પ્રવિણભાઈ પટેલ વિરૂદ્ધ ૩૧૭,૧૧૪, ૩૭૦ તથા ધી જુવેનાઈલ જસ્ટીટ એકટ ૨૦૧૫ની કલમ ૮૦,૮૧ મુજબની ફરીયાદ નોધાવી હતી. કાલોલ પોલીસ દ્વારા ફરિયાદના આધારે ગુન્હો નોધી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી મંજુલાબેન, રીનાબેન તેમજ પ્રવીણ પટેલની હાલ અટકાયત કરી છે. જયારે બાળકને જન્મ આપનાર અજાણી મહિલાની પણ શોધખોળ હાથ ધરી છે.

જણાવીને દંપતી પાસેથી રૂા.૧૫૦૦૦ રોકડ લીધા હતા. દરમિયાન રીનાબેનને બાળકના હતું. બહુ રડવાના અવાજથી અને રીનાબેનને કોઈ સુવાવડના લક્ષણ ન હોવા છતાં તેઓ નવજાત બાળક કંઈથી લાવ્યા અને માતા વગર બાળક મરી જશે તેવા આશયથી પંચમહાલ બાળ સુરક્ષા એકમ ગોધરા ખાતે અનામી અરજી આવી હતી. જે અરજીના આધારે બાળ સુરક્ષા અધીકારીએ તપાસ કરવા સુરેલી ગામે ગયા હતા. જયાં બાળકને દંપતિ ખરસલીયા ગામે ગયા હોવાનું જાણતાં અધીકારી ખરસલીયા રીનાબેનનના પિયરમાં જતાં ત્યાંથી નવજાત બાળક સાથે રીનાબેન અને પ્રવીણભાઈ મળી આવ્યા હતા. બાળ સુરક્ષા અધીકારીએ નવજાત બાળકને ગેરકાયદેસર રીતે ૧૫,૦૦૦/- રૂપીયામાં મંજુલાબેને આપીને રીનાબેન અને પ્રવિણભાઈએ લીધેલ હોવાથી જે ગેરકાયદેસર હોઈ. નવજાત બાળકને વીશીષ્ટ દત્તક સંસ્થા ગોધરા ખાતે મુકવા આદેશ કરીને બાળકને સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પીટલ ખાતે ખસેડાયો હતો.

## શહેરા તાલુકાના સસ્તા અનાજના દુકાનદારોએ નેટની સમસ્યાને લઈ ઓફ લાઈન કામગીરીની માંગ કરી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના સસ્તા અનાજની દુકાનદારો ના તાલૂકા ફેર પ્રાઈસ શોપ એસોસીએશન દ્વારા મામલતદાર ને આવેદન પત્ર આપવામાં આવ્યુ હતુ. જેમાં સસ્તા અનાજના દુકાનદારોએ નેટની સમસ્યા અને અમુક રેશનકાર્ડ ધારકોના ફિંગર ના આવતા હોવાને લઈને વિતરણની કામગીરી ઓફલાઈન કરવાની માંગણી કરી હતી. શહેરા તાલુકામાં ૭૦થી વધુ સસ્તા અનાજની દુકાનો આવેલી છે. કહેર વચ્ચે પણ રેશનકાર્ડ ધારકોને મળવાપાત્ર અનાજ સહિતનો જથ્થાનુ વિતરણ મહિના મા બે વખત રાબેતા મુજબ કરવામા આવી રહ્યુ છે. મામલતદાર કચેરી ખાતે સસ્તા અનાજના દુકાનદારો એકત્રિત થયા હતા. શહેરા તાલુકા ફેર પ્રાઈસ શોપ એસોસિએશન ના જીગ્નેશભાઈ પાઠક, રફીક ભાઈ દુલી, હસમુખભાઈ વણકર , પ્રભાતસિંહ પટેલિયા અને બી.એ.જાદવ સહિતનાઓ એ મામલતદાર મેહુલ ભાઈ ભરવાડ ને આવેદનપત્ર આપ્યુ હતુ. આવેદનપત્રમા “આખા દેશ અને દુનિયામા કોરોનાની મહામારી ચાલી રહી છે.આ વાયરસ ગામડા અને શહેરમા મોટા પ્રમાણમા વધી ગયેલ છે.હાલમા સરકાર તરફથી મહિનામા બે વાર વિતરણ કરવાનુ હોય વાયરસની અસર દૂકાનદારોને લાગવાની શક્યતા દર્શાવી છે.તેમજ ઘણીવાર નેટ ની સમસ્યા અને આધાર એરર સમસ્યાને કારણે રેશનકાર્ડ ધારકોને એક કરતા વધુ વખત અંગૂઠા મૂક્વો પડતો હોય છે.આમ બધી સમસ્યા સામનો કરવાથી કોરોનાનો ચેપ લાગવાની શક્યતા રહેલી છે.જેથી ઓફલાઈન અનાજનુ વિતરણ કરવાની મંજૂરી આપવામા આવે તેવી માંગ સસ્તા અનાજની દૂકાનના સંચાલકો દ્વારા કરવામાં આવી હતી. જ્યારે ઉપસ્થિત દુકાનદારોએ મામલતદાર સમક્ષ કોવીડ ૧૯ ના નિયમોનું પાલન સસ્તા અનાજના દુકાનદારો દ્વારા કરવામા આવી રહયુ છે.ત્યારે ઓફલાઈન વિતરણ કરવાની મંજૂરી આપવામાં આવે તેવી રજૂઆત કરાઈ હતી.